

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-08 ■ તા. 09-03-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# 'ભારત ટેરિફ ઘટાડવા સહમત થયું...' અમેરિકન પ્રમુખ ટ્રમ્પનો મોટો દાવો, રશિયાને પણ ઝટકો



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી ભારત સામે આક્ષેપો કરે છે કે તે સૌથી વધુ ટેરિફ અને ટેક્સ વસૂલે છે. જેના બાદથી તે ભારત પર ટેરિફ અને ટેક્સ લાદવાની વાતો કરી રહ્યા હતા. ટ્રમ્પે અમુક દિવસ પહેલા જ જાહેરાત કરી હતી કે આગામી ૨ એપ્રિલથી ભારત સામે પણ રેસિપ્રોકલ ટેરિફ લાગુ પડી જશે. જોકે હવે આજે ટ્રમ્પે કહ્યું કે ભારત અમેરિકાથી વસૂલવામાં આવતા ટેરિફમાં ઘટાડો કરવા રાજી થઈ ગયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે મોટો દાવો કરતાં કહ્યું કે કોઈ તો છે જે ભારતની પોલ ખોલી રહ્યું છે. વ્હાઈટ હાઉસથી નેશનલ લેવલ પર સંબોધનમાં ટ્રમ્પે કહ્યું કે ભારત અમારી પાસેથી ભારે ટેરિફ-ટેક્સ વસૂલી રહ્યું હતું. જોકે અમે ભારતમાં કોઈ વસ્તુ વેચી નહોતા શકતા. જોકે હવે ભારતે નમતું વલણ અપનાવ્યું છે. તે ટેરિફમાં ઘટાડો કરવા રાજી છે.

આ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાને પણ ઝટકો આપતા કહી દીધું છે કે યુક્રેન સાથે જ્યાં સુધી રશિયા યુદ્ધવિરામ નહી કરે ત્યાં સુધી અમે તેની સામે પણ ટેરિફ લાદવાનું વિચારી રહ્યા છીએ. રશિયા હજુ પણ યુક્રેન પર બોમ્બમારો કરી રહ્યો છે. બંને પક્ષો સમજૂતિ કરવા તૈયાર છે. અમે મુદ્દાને ઉકેલી લઈશું.

## ભારતીય વાયુસેનાનું બીજું વિમાન ક્રેશ, પ.બંગાળમાં ઈમરજન્સી લેન્ડિંગ વખતે સર્જાઈ દુર્ઘટના

પ.બંગાળના બાગડોરાથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અહી ભારતીય વાયુસેનાનું એએન-૩૨ વિમાન ઈમરજન્સી લેન્ડિંગ કરવા જતાં ક્રેશ થઇ ગયું છે. અધિકારીઓના અહેવાલ અનુસાર તમામ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. વાયુસેનાને ઘટનાની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચી ત્વરિત રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ પહેલા હરિયાણામાં પણ એરફોર્સનું એક જેગુઆર ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું હતું. એટલા માટે એક જ દિવસમાં સતત બે વિમાન દુર્ઘટના સર્જાતા એરફોર્સની ચિંતા વધી ગઇ હતી. હરિયાણાની દુર્ઘટના સમયે પણ પાઇલટે સમયસૂચકતા વાપરી પેરાશૂટ સાથે વિમાનમાંથી સુરક્ષિત ઈજેક્ટ કર્યું હતું. પાઇલટે આ સાથે સુનસાન વિસ્તારમાં ક્રેશ લેન્ડિંગ કરી હતી જેના લીધે મોટી જાનહાનિ ટળી ગઈ હતી.

## સોનું, ડ્રગ્સ અને સિગારેટ બાદ હવે ડાયમંડની દાણચોરી, અમદાવાદ એરપોર્ટથી ત્રણ પેસેન્જર પકડાયા




અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર સોનાની દાણચોરીની નવાઈ નથી. પરંતુ હવે ડાયમંડની હેરાફેરી કરનારા પણ પકડાતાં ડીઆરઆઈના અધિકારી પણ ચોંકી ગયા છે. અમદાવાદ ડીઆરઆઈના અધિકારીઓએ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયમંડની હેરાફેરી કરતા ત્રણ પેસેન્જરને ૩ કરોડ રૂપિયાના ડાયમંડ સાથે ઝડપી લીધા છે.

આ તમામ પેસેન્જરોની ધરપકડ કરી લેવામાં આવી છે. અમદાવાદ અને સુરતના ઝવેરીઓના માટે કામ કરતા પેસેન્જરનાં ડીઆરઆઈના અધિકારીઓએ નિવેદન લીધાં તેમાં ઘણાં મોટામાથાં ઠંડોવાયેલાં હોવાનું બહાર આવ્યું છે. હાલ તપાસ ચાલી રહી હોવાથી વધારે વિગતો નથી અપાઈ પણ અંદાજે ત્રણ કરોડ રૂપિયાના ડાયમંડના હીરા ડીઆરઆઈના અધિકારીઓએ જપ્ત કર્યા છે. આ ઘટનાને પગલે અમદાવાદ ઉપરાંત સુરતમાં પણ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ, એક વર્ષમાં ૩૦ લાખ વિદેશી બોટલ, ૨ લાખ લીટર દેશી દારૂ પકડાયો

ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી ચમરબંધીઓને ન છોડવાની સુફિયાણી વાતો કરે છે, પરંતુ ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ છે અને બુટલેગરો બેફામ બન્યા છે. ગુજરાત વિધાનસભામાં સરકારે જ આપેલી માહિતી મુજબ અમદાવાદ અને ગાંધીનગર સહિતના રાજ્યના ૮ જિલ્લામાંથી જ માત્ર એક વર્ષમાં જ ૨ લાખથી વધુ લીટરનો દેશી દારૂ અને ૩૦ લાખથી વધુ વિદેશી દારૂની બોટલનો જથ્થો પકડાયો છે.



કરોડો રૂપિયાના દારૂ ઉપરાંત કરોડો રૂપિયાનો ચરસ અને અફિણનો જથ્થો પણ પકડાયો છે. માત્ર નવસારી જિલ્લામાં જ એક વર્ષમાં વિદેશી દારૂની ૯.૨૨ લાખથી વધુની બોટલ ઝડપાઈ હતી. આ ઉપરાંત નવસારીમાં ૬૦ કીલોથી વધુ ચરસનો જથ્થો તથા ૨૧.૫ કિલોથી વધુનો ગાંજાનો જથ્થો તથા દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાંથી ૧૦૦૨ કિલો અફીણ તથા ઝાલોદમાં ૨૨૮૬ કિલો અફિણ તથા ૧૧૩૫ કિલો ગાંજો ઝડપાયો હતો. જ્યારે પાટણમાંથી ૨ કીલોથી વધુ અફીણ અને ૧૭૭ કીલોથી વધુ ગાંજો તથા મહેસાણમાંથી ૨૨૫ કિલોથી વધુ અફીણ તથા ૫૨ ગ્રામ અફિણ અને ૫૮ કિલો ગ્રામથી વધુ ગાંજો ઝડપાયો હતો. આણંદમાં ૭૨૦ કિલો ગ્રામ ગાંજો અને વડોદરામાં ૬ કીલો અફિણ તથા ૧૦ ગ્રામ ચરસ તથા ૬૦૦ કીલો એમડી ડ્રગ્સ અને ૧૩૬ કિલો ગાંજો પકડાયો હતો.

## સીરિયા ફરીથી સળગ્યું , સરકારી સૈન્ય અને બળવાખોરો વચ્ચેના સંઘર્ષમાં ૭૦ લોકો મોતને ભેટ્યાં

સીરિયાના પદભ્રષ્ટ પ્રમુખને વફાદાર તેવી સેનાની ટુકડીઓ અને સરકારને વફાદાર તેની સેનાની ટુકડીઓ વચ્ચે થયેલાં ઘમાસાણ યુદ્ધમાં ૭૦થી વધુ લોકો મૃત્યુ પામી ગયા છે અને અસંખ્ય લોકો ઘાયલ પણ થયા છે. તેમ યુકે સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ એસ.ઓ.એચ.આઈ તેનાં સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. મૃત્યુ પામેલામાં સરકારી દળોના ૩૫ , અસદ તરફી લશ્કરી ટુકડીઓના ૩૨ અને ૪ નાગરિકોનાં પણ મૃત્યુ થયાં હતાં.

યુદ્ધ સૌથી વધુ સમુદ્રતટના વિસ્તારમાં જામ્યું હતું. ભૂમધ્ય સમુદ્રના કાંઠે આવેલાં લટાકીયા તરનૌઝ અન હોમ્સ પાસે તો ગુરૂવારે ખુનખાર યુદ્ધ થયું હતું. બળવાખોર લશ્કરી ટુકડીઓએ ઈસ્તામો અને કરદાહા એરપોર્ટ અને આસપાસના વિસ્તારો ઉપર કાબુ ધરાવે છે. તેઓ લટકીયાના પર્વતીય વિસ્તારોમાં મુખ્ય મથક ધરાવે છે. ત્યાંથી તેવો દમાસ્કસનાં (સીરિયાનાં) સરકારી દળો ઉપર હુમલા કરે છે. તેમનો સામનો કરવા સીરિયાની સરકારે (તેની ડિફેન્સ એન્ડ ઈન્ટિરિયર મિનિસ્ટ્રી) લટાકીયામાં વધુ દળો મોકલ્યાં છે. પરંતુ પાછળ ભૂમધ્ય સમુદ્ર અને આગળ દક્ષિણ પૂર્વે રહેલાં રણ વચ્ચે રહેલા લટાકીયા વિસ્તારના પર્વતોમાં રહેલી આ અસદ તરફી બળવાખોર લશ્કરી ટુકડીઓ મચક આપતી નથી. યુદ્ધ ધમાસણ જામ્યું છે.

## સુરત ટુ ગોવા.... એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા નવી ફ્લાઈટ શરૂ કરાશે, જાણો કેટલું હશે ભાડું

સુરતીઓ માટે એક સારા સમાચાર સામે આવ્યાં છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતથી સીધી ગોવા જતી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. ૩૦ માર્ચથી શરૂ થતી આ ફ્લાઈટ ૨ કલાકમાં ગોવા પહોંચાડી દેશે. જેનું સિંગલ ભાડું ૫૮૦૦ રૂપિયા રહેશે. જેનું બુકિંગ પણ શરૂ કરી દેવાયું છે. સુરતથી ગોવા પહોંચાડતી એર ઈન્ડિયાની આ ફ્લાઈટ સાંજે ૭:૩૦ વાગ્યે સુરતથી ટેક ઑફ કરશે અને ૯:૨૫ કલાકે ગોવા લેન્ડ થશે. આ ફ્લાઈટ ગોવા બાદ બેંગલુરૂ સુધી થશે, જેથી સુરત-બેંગલુરૂ વચ્ચે ગોવામાં એક સ્ટોપ લેવામાં આવશે. જેના કારણે ફ્લાઈટ ચેન્જ ન કરવી પડે. બેંગલુરૂથી બપોરે




૩:૪૫ કલાકે આ ફ્લાઈટ ટેક ઑફ કરશે અને સાંજે ૭:૨૦ કલાકે સુરત પહોંચશે. સુરતથી આ ફ્લાઈટ સાંજે ૭:૫૦ કલાકે ટેકઑફ કરશે અને રાત્રે ૧૧:૨૫ કલાકે લેન્ડ થશે.ઉલ્લેખનીય છે કે, હાલમાં સુરત-ગોવાની ડેઈલી ફ્લાઈટ ઈન્ડિગો ઓપરેટ કરી રહી છે તેમજ એક વીકલી ફ્લાઈટ ઓપેરટ કરી રહી છે, ત્યારે હવે એર ઈન્ડિયા એક્સપ્રેસ ત્રીજી ફ્લાઈટ શરૂ કરવાની છે. આ ઉપરાંત આગામી ૨૮ માર્ચથી સમર શેડ્યુલ અમલમાં આવશે. જેમાં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી અનેક ફ્લાઈટો શરૂ થઈ શકે છે.નોંધનીય છે કે, આ પહેલાં સુરતથી મોરેશિયસ ફ્લાઈટ શરૂ થઈ હતી. આ સિવાય ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એરપોર્ટથી વિન્ટર ફ્લાઈટ શરૂ કરવાની યોજના છે. ઈન્ડિગો એરલાઈન્સે ૪ ડિસેમ્બરે સુરત-મોરેશિયસ વાયા બેંગલુરૂની ફ્લાઈટ ટેક ઑફ કરી હતી. અઠવાડિયામાં ચાર દિવસ ફ્લાઈટનું બુકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. સુરતથી મોરેશિયસ પહોંચતા ૧૪ કલાકનો સમય લાગશે. આ સાથે જ સુરતથી બેંગલુરૂનો ટ્રાવેલિંગ ટાઈમ ૧ કલાક ૫૦ મિનિટ રહેશે. બેંગ્લુરુ એરપોર્ટ પર ૬ કલાક ૨૫મિનિટનો લેઓવર ટાઈમ જ્યારે બેંગ્લુરુથી મોરેશિયસનો ૫ કલાક ૫૫ મિનિટનો ટ્રાવેલ ટાઈમ લાગશે.

## ભાવનગરની મેડિકલ કોલેજમાં રેગિંગની ઘટના..! થર્ડ યરના 3 ઈન્ટર્નને માર માર્યો

ભાવનગરની મેડિકલ કોલેજના ત્રણ ઈન્ટર્ન ડોક્ટર્સને સાથે અભ્યાસ કરતા ઈન્ટર્ન તથા સિનિયર ડોક્ટર સહિત ૮ લોકોએ જાહેરમાં ના બોલી શકાય તેવા શબ્દો પરાણે બોલાવી અને ના બોલે તો બેહોશ થાય ત્યાં સુધી માર માર્યાની ગંભીર ફરિયાદ મેડિકલ કોલેજના ડિન સુધી પહોંચતા ચકચાર મચી છે. બીજી તરફ ઈજાગ્રસ્ત ત્રણેય ઈન્ટર્ન ડોક્ટરને સારવાર માટે સર ટી.હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની પ્રાથમિક વિગત એવી છે કે, ભાવનગરની મેડિકલ કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા બે ઈન્ટર્ન ડોક્ટર્સને ગત રાત્રિના મેડિકલ કોલેજ નજીકના સર્કલ પાસેથી બે કારમાં બેસાડીને હિલડ્રાઈવ વિસ્તારમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની સાથેના ૪ ઈન્ટર્ન સહ અધ્યાયી તથા બે સિનિયર તબીબ અને બહારના અન્ય બે શખ્સો દ્વારા તેમની પાસે જાહેરમાં ના બોલી શકાય તેવા શબ્દો પરાણે બોલાવી અને જો ના બોલે તો માર મારતા હતા. જ્યારે પીડિત ઈન્ટર્નને સવાલો પુછવામાં આવતા હતા. અને જો તે ખોટા જવાબ આપે તો પણ માર મારતા હતા.ઉપરાંત કેફી દ્રવ્યો બનાવતા તથા તેનું પરાણે સેવન કરવાનું કહી માર માર્યા બાદ રાત્રિના ૩ કલાકે હોસ્ટેલે લાવી તેના અન્ય સાથી ઈન્ટર્ન ડોક્ટરને પણ માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ઘટના બાદ ત્રણેય ઈન્ટર્ન ડોક્ટરે આ બાબતની જાણ કોલેજને તંત્રને કરતા મેડિકલ કોલેજ તંત્ર હરકતમાં આવ્યું હતું અને ત્રણેય ઈન્ટર્ન ડોક્ટરની ફરિયાદ લઈને તેમને સર ટી.હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી તરફ આ મામલે એમએલસી નોંધવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## તંત્રી લેખ...

# એક્ટિવ લોન લેનાર ઋણધારકોની સંખ્યામાં મહિલાઓ પુરૂષની તુલનામાં આગળ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પૂર્વે જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ ૨૦૨૪માં એક્ટિવ લોન લેનાર ઋણધારકોની સંખ્યામાં મહિલાઓ પુરૂષની તુલનામાં આગળ રહી છે. ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની સીઆરઆઈએફ હાઈ માર્કના એક અહેવાલ મુજબ મહિલાઓએ માત્ર લોન લેવામાં જ નહીં, પરંતુ લોન ચૂકવણીમાં પણ પુરુષો કરતાં સારો દેખાવ કર્યો છે.રિપોર્ટ અનુસાર ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં એક્ટિવ મહિલા ઉધાર લેનારાઓની સંખ્યા ૧૦.૮ ટકા વધીને ૮.૩ કરોડ થઈ ગઈ છે જ્યારે પુરુષ વર્ગમાં આ વૃદ્ધિ માત્ર ૬.૫ ટકા હતી.અહેવાલમાં જણાવાયું છે કે મોટાભાગની લોન કેટેગરીઓમાં મહિલાઓએ ચૂકવણીમાં સારો વ્યવહાર દર્શાવ્યો હતો. ગોલ્ડ લોન અને ટુ-વ્હીલર લોન સિવાય તમામ કેટેગરીમાં મહિલાઓનું રીપેમેન્ટ પુરુષો કરતાં સારૂં હતુ. ૨૦૨૪માં હોમ લોન, વ્યવસાય લોન, કૃષિ અને ટ્રેક્ટર લોન, મિલકત લોન અને શિક્ષણ લોનમાં મહિલાઓની ચૂકવણી ક્ષમતામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનના સંદર્ભમાં પણ મહિલાઓએ પુરુષો કરતાં વધુ સારું પ્રદર્શન કરીને સૌને ચોંકાવ્યા છે.રિપોર્ટ અનુસાર સરકારી બેંકોએ ૨૦૨૪માં મહિલાઓને લોન આપવામાં વધુ રસ દાખવ્યો છે. મહિલા લોનધારકોનો બાકી લોન પોર્ટફોલિયો ૧૮ ટકા વધીને ૩૬.૫ લાખ કરોડ રૂપિયા થયો છે. જોકે કુલ દેવાદારોમાં મહિલાઓનો હિસ્સો ૨૪ ટકા પર સ્થિર રહ્યો છે.

# ખેડાના ૮૦૦ આરોગ્ય કર્મી ઓનલાઈન-ઓફલાઈન રિપોર્ટ નહીં ભરે



નડિયાદ : ખેડા જિલ્લાના ૮૦ આરોગ્ય કર્મચારીઓએ પડતર માંગણીઓને લઈ માસ સીએલ ઉપર ઉતરવા છતાં સમાધાન થયું નથી. ત્યારે હવે ૧૦ દિવસ સુધી કામગીરી કરશે પરંતુ ઓનલાઈન કે ઓફલાઈન રિપોર્ટ નહીં કરવાનો નિર્ણય લીધો છે. જેથી લોકોના ઘર સુધી પહોંચતી યોજનાઓ ની સેવાઓ અટકી પડવાનું મનાઈ રહ્યું છે.

ખેડા જિલ્લાના ૧૦ તાલુકાઓના અંદાજે ૮૦૦ જેટલા કર્મચારીઓ કામગીરીના રિપોર્ટીંગના બહિષ્કારમા જોડાયા છે. કામગીરી ચાલુ પણ રીપોર્ટ નહી કરાય તેવી ચિમકી ઉચ્ચારી છે. આજથી ૧૦ દિવસ સુધી આરોગ્ય કર્મચારીઓ ઓનલાઇન અને ઓફલાઈનની કામગીરીના રીપોર્ટ સબમિટ નહીં કરે જેના કારણે આરોગ્યની સેવાઓ પર અસર પડે? તેવી શક્યતા છે. ખેડા જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મહામંડળના જણાવ્યા મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારી આરોગ્યલક્ષી તમામ યોજનાઓની ઓનલાઇન અને ઓફલાઈન કામગીરી બહિષ્કાર કરાયો છે. વેક્સીનેશન, સગર્ભા માતાઓ, ડિલિવરી, બાળકોને રસીકરણ, સગર્ભા માતાની નોંધણી અને મુલાકાત, ડિલેવરીની નોંધણી, ડિલિવરીની હોમ વિઝીટ, પોસ્ટનેટલ નોંધણી તેમજ પોસ્ટનેટલની મુલાકાત, આઈએચઆઈપીમાં મલેરિયાની એન્ટ્રી, કોઈપણ રોગચાળાની એન્ટ્રી, કુંટુંબ નિયોજનની, પી૧પીર રિપોટ'ગ, ટીબીના દર્દીઓ દવાઓ લેશે. ગળફાની તપાસ, હિસ્ટ્રી, એક્સરેની એન્ટ્રી, પીએમજેવાયકાર્ડ, આભા કાર્ડ, પીએમએમવીવાય, ૭૦ પ્લસવાળા વય વંદનાના કાર્ડ કાઢવાની કામગીરી અટકી પડી છે.

# લીંબડીયા બ્રિજ ઉપર કારની અડફેટે મોપેડ સવાર બેનાં મોત

ગાંધીનગર : ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગઈકાલે મોડી સાંજે ચિલોડા નરોડા માર્ગ ઉપર લીંબડીયા બ્રિજ પાસે પૂર ઝડપે પસાર થઈ રહેલી કારે મોપેડ સવાર બે યુવાનોને અડફેટે લેતા શરીરે ગંભીર ઈજાઓને કારણે તેમના મોત થયા હતા. જે ઘટના સંદર્ભે ડભોડા પોલીસે કારના ચાલક સામે ગુનો દાખલ કરીને તપાસ શરૃ કરી છે.

ગાંધીનગર જિલ્લાના હાઈવે માર્ગો ઉપર છેલ્લા ઘણા સમયથી અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે શહેર નજીક ચિલોડા નરોડા હાઈવે ઉપર ગઈકાલે મોડી સાંજે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં મોપેડ સવાર બે વ્યક્તિઓના મોત નિપજયાં છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદના હીરાવાડી ખાતે રહેતા મૂળ રાજસ્થાનના ઉમેશકુમાર સોમાજી મીણા અને કિશોર નાનજીભાઈ ધાંધલીયા મોપેડ લઈને ચિલોડા નરોડા હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન તેમનું મોપેડ લીંબડીયા નર્મદા કેનાલ ઉપરથી પસાર થઈ રહ્યું હતું તે સમયે પાછળથી પૂર ઝડપે આવી રહેલી એક એસયુવી કારના ચાલકે તેમના મોપેડને અડફેટે લીધું હતું અને ત્યારબાદ આ કાર પલટી ખાઈ ગઈ હતી. જે અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ ઉમેશભાઈ અને કિશોરભાઈનું મોત થયું હતું. આ અકસ્માતની ઘટનાને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ત્યારબાદ ડભોડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ સ્થળ ઉપર પહોંચી હતી આ અકસ્માતની ઘટના અંગે અનિલ સોમાજી મીણાની ફરિયાદના આધારે પોલીસે કારના ચાલક સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરી છે.

## 'પાકિસ્તાન સાથેના સબંધો સાબિત કરો, હું રાજીનામું આપી દઈશ' : ધારાસભ્ય

ગુજરાત વિધાનસભામાં બોટાદ જિલ્લામાં દારૂ વેચનાર પર જીસ્ઝ-સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી મુદ્દે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા મુદ્દે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં ગૃહ વિભાગ વતી જવાબ આપી રહેલા જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે 'ઉમેશ મકવાણા તેમની પાર્ટીના એક સભ્ય શૌકત અલી સૈયદ મૌલાના એટ્રોસિટી ઍક્ટ જેવા ગુનાના આરોપીને છોડાવવા બોટાદ જીઁને ફોન કરે છે, ધમકી આપે છે. ફોન કરીને વારંવાર ભલામણ કરે છે.'

આ મુદ્દે ઉમેશ મકવાણા એ સ્વીકાર કર્યો કે 'તે મૌલાના છે, આમ આદમી પાર્ટીના લઘુમતી મોરચામાં છે અને તેમની સામે અગાઉ કોઈ કેસ ન હતા પણ મારી જ્યારે લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત થઈ ત્યારે મૌલાના સામે એકએક ૫ જેટલા અલગ અલગ કેસ કરીને તેમનું અપહરણ કરવામાં આવ્યું.

# લોકસભાનાં વિપક્ષના નેતા આદરણીય રાહુલ ગાંધી સાથે પૂર્વ પ્રમુખો, પૂર્વ નેતા વિપક્ષ, પોલિટિકલ અફેર્સ કમિટી અને વિવિધ સેલનાં હોદ્દેદારો સાથે કર્યો સંવાદ : મહત્વની બેઠકોનો પ્રથમ તબક્કો પૂર્ણ



પૂ. મહાત્મા ગાંધી-સરદાર સાહેબની પાવન ધરાના બે દિવસીય સંવાદ બેઠક અન્વયે પ્રથમ દિવસે લોકસભાનાં વિપક્ષના નેતા આદરણીય રાહુલ ગાંધીનું એરપોર્ટ પર કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ. શ્રી રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં ''સંવાદ કાર્યક્રમ''ની તમામ મહત્વની આંતરિક બેઠકોમાં એઆઈસીસીના સંગઠન પ્રભારી અને મહામંત્રી શ્રી કે.સી વેણુગોપાલજી, ગુજરાત સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનિકજી, ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલજી, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાજી અને એઆઈસીસી સેક્રેટરીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.રાજીવ ગાંધી ભવન ખાતે પ્રથમ દિવસે મહત્વની બેઠકોનો દોર પૂર્ણ થયો.સૌપ્રથમ પ્રમુખ,પૂર્વ પ્રમુખશ્રીઓ, નેતાવિપક્ષ, પૂર્વ નેતાવિપક્ષશ્રીઓ સાથે રાજ્યની મુખ્ય સમસ્યાઓ, કોંગ્રેસના સંગઠન,ગુજરાતમાં કોંગ્રેસ પક્ષની સ્થિતિ સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. શ્રી રાહુલ ગાંધીજીએ ગુજરાતના નાગરિકોને ન્યાયની સાથે હક અને અધિકાર મળે તે માટે રચનાત્મક-આંદોલનાત્મક કાર્યક્રમોના આયોજન પર ભાર મૂક્યો. સંગઠનમાં મોટાપાયે ફેરફાર સાથે હોદ્દેદારશ્રીઓને જવાબદારી સાથે જવાબદેહી પણ સુનિશ્ચિત કરવામાં આવશે. ગુજરાતમાં બેરોજગારી,મોંઘવારી,મહિલા સુરક્ષા,ખેડૂતોના પ્રશ્નો સહિત મહત્વના મુદ્દાઓને આક્રમકતાથી રજૂ કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પોલિટિકલ અફેર્સ કમિટીનાં તમામ સભ્યોએ કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા માટે શું કામગીરી થઈ શકે તે અંગે સંવાદ થયો હતો. સૂચનો સાથે નવા કાર્યક્રમો થકી ગુજરાતના નાગરિકોના અવાજને મજબૂત કરવા વિવિધ કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી. જિલ્લા પ્રમુખશ્રીઓ સાથેના સંવાદમાં બૂથ સુધીનાં સંગઠનનાં માળખાને મજબૂત બનાવવા માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો. યોગ્ય રણનીતિ દ્વારા બુથ લેવલ સુધી સંગઠનને મજબૂત કરવા પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ માટે કમર કસવામાં આવશે. ગુજરાતમાં ભાજપને હરાવવાનો મજબૂત પ્લાન અમલમાં મૂકવા જઈ રહ્યા છીએ

શ્રી રાહુલ ગાંધીનાં સંવાદ કાર્યક્રમમાં ૪૦૦થી વધુ તાલુકા-નગર પાલિકાના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં સંપૂર્ણપણે સ્થાનિક નેતૃત્વ સાથે ધરાતલ પર કોંગ્રેસ પક્ષની સારાં-નરસા પાસા અંગે ખૂલ્લા મને રાહુલજી સાથે સંવાદ કરવામાં આવ્યો.તાલુકા સ્તરેથી પ્રદેશ સ્તર સુધી ગુજરાત કોંગ્રેસને મજબૂત કરવા મહત્વનો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

એઆઈસીસીના સંગઠન પ્રભારી અને મહામંત્રી શ્રી કે.સી વેણુગોપાલજી પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ગુજરાતથી સંગઠન વર્ષની શરૂઆત કરવામાં આવી છે. રાહુલ ગાંધીજીના ગુજરાત પ્રવાસ દરમિયાન યોજાયેલ બેઠકો કોંગ્રેસ સંગઠનની આંતરિક બેઠકો હતી જેમા અમારુ સંપૂર્ણ ધ્યાન સંગઠનને મજબૂત કરવા પર છે જે માટે પ્રદેશ,જિલ્લા અને તાલુકા સુધીના કોંગ્રેસજન પાસેથી કેવા ફેરફાર કરવાં તે અંગે મંતવ્યો મેળવી ચર્ચા થઈ. સંગઠન પરનુ ધ્યાન માત્ર ગુજરાત માટે નહિ પરંતુ સમગ્ર ભારતભર માટે છે. ૮-૯ એપ્રિલે યોજનાર અધિવેશનમાં છૈંઝ્રઝ્ર ગુજરાત કોંગ્રેસનો રોડમેપ તૈયાર કરી સોંપશે દરેક નેતાઓની જવાબદારી અને જવાબદેહી સુનિશ્ચિત કરાશે.

# ઉદાસી પખુશી../ નીલમ કારિયા દોશી

આલોક ઉદાસ બનીને આ હોટેલમાં બેઠો હતો. આજે તેની પત્નીની પ્રથમ પુણ્યતિથિ હતી. તેની પત્ની આશકાની આ પ્રિય જગ્યા હતી. અવારનવાર બંને અહીં કોફી પીવા આવતાં અને કલાકો ગાળતાં. આ હોટેલ તેમની અનેક સુંદર સાંજની સાક્ષી હતી. પણ આજેપનિતાંત એકલતા તેને ઘેરી વળી. કોફી તો આવી ગઈ હતી પરંતુ પીવાનું મન ન થયું. સાથે પીનાર ક્યાં? કેન્સરે તેની પ્રિય વ્યક્તિને છીનવી લીધી હતી. તેના પ્રાણમાં એક ઉદાસી છવાઈ રહી.

અચાનક આલોકનું ધ્યાન હોટેલનાં એક ખૂણામાં.કોઈની નજર ન જાય તે રીતે બેઠેલી એક યુવતી પર પડી. તેની આંખોમાં પણ તેને ઉદાસીની એક ઝલક નજરે પડી. પરંતુ કદાચ આ તો પોતાના જ મનનું પ્રતિબિંબ..! પોતાની ઉદાસ દૃષ્ટિને બધે ઉદાસી જ દેખાય છે. છતાં ન જાણે કેમ પણ તેણે તે યુવતીનું નિરીક્ષણ ચાલુ રાખ્યું. ના, ના, આ પોતાની ઉદાસીનું પ્રતિબિંબ નથી જ. ખરેખર તેની આંખોમાં..ચહેરા પર છવાયેલી ઉદાસી..અસ્વસ્થતા તે જોઈ શકતો હતો..કોઈની નજર તેનાં પર ન પડે તે રીતે તે ચહેરો પાછળ ફેરવી બેઠી હતી. આ તો પોતે એ રીતે બેઠો હતો તેથી તેને જોઈ શકતો હતો.




આલોકે તેનાં ચહેરાના ભાવ વાંચવાનો પ્રયત્ન કર્યો. નાપનાપકોઈ વાત જરૂર છે જે તેને અસ્વસ્થ બનાવે છે. યુવતીએ માથા પર સુંદર સ્કાર્ફ વીંટેલ હતો. તેનો લંબગોળ ચહેરો, પાણીદાર આંખો, કપાળ પર નાનકડી કાળી બિંદી, બધું મળીને એક સુંદર વ્યક્તિત્વનો અહેસાસ થતો હતો. આ ઉદાસી ક્યા કારણે ? તેને જાણવાની જિજ્ઞાસા થઈ. પણ એમ અજાણી વ્યક્તિને પૂછાય કેમ? અને તે પણ સુંદર યુવતીને? લાફો જ ખાવો પડેને?

જે હોય તે મારે શું? એમ વિચારી તેણે અભાનપણે હાથમાં કોફીનો કપ ઉપાડયો. આશકાની ઝિલમિલ આંખોનું પ્રતિબિંબ કોફીમાં ઉપસતું હતું કે શું?

અચાનક હવાની એક લહેરખી આવી. યુવતીના માથા પરનો સ્કાર્ફ ફરફર્યો. યુવતી જાણે બેબાકળી બની ગઈ. તેણે જોશથી સ્કાર્ફ પકડી રાખ્યો..કોઈ જોઈ તો નથી ગયું ને ? તેની નજર ચારે તરફ ફરી રહી. શું હતું એ નજરમાં?

આલોકે પોતાના ચહેરા આડે છાપુ ધર્યું. પણ જે જોવાનું હતું તે તો એક ક્ષણમાં જોવાઈ ગયું હતું.

યુવતીના માથા પર વાળ નહોતા..ફક્ત વાળના અવષેશ જ બચ્યા હતા..નાના નાના વાળ ઊગવાની શરૂઆત થઈ હતી. આશકા પણ આમ જપકિમોથેરાપી કરાવ્યા બાદ આમ જ સ્કાર્ફ બાંધી રાખતીપ! આમ જ વિહ્વળ રહેતી..કોઈ તેને જોઈ જાય આ રીતે તે તેને જરાયે પસંદ નહોતું પડતું. અહી કોફી પીવા આવતી ત્યારે આમ જ માથા ઉપર સ્કાર્ફ બાંધી રાખતી અને કોઈ જોઈ ન જાય માટે સતત સચેત કે સાવધાન રહેતી. પોતે ઘણી વખત આશકાને સમજાવતો..

''એમા શરમાવા જેવું શું છે ? શા માટે એવો કોઈ ડર રાખે છે ? તું તારે બિન્દાસ રહે નેપહું છું ને તારી સાથે? ×

પણ આશકા એ પરિસ્થિતિ ક્યારેય મનથી સ્વીકારી શકી નહોતી. રોજ સવારે ઊઠીને પહેલું કામ અરીસામાં જોવાનું કરતી..હવે કેટલા વાળ આવ્યાં ? ઈચ્છા મુજબનો ગ્રોથ ન દેખાતા તેની વિશાળ આંખોમાં આમ જ ઉદાસી છવાઈ જતી. અને, વાળ પૂરાં ઊગે તે પહેલાં તોપ..

આજે આ અજાણ યુવતીની આંખોમાં પણ એ જ ભાવ..એ જ વિહ્વળતા હતાં. તેને આશકા યાદ આવી ગઈ. તેની આંખો ભીની બની.

અચાનક આલોકે એક કાગળ લીધો..પેન ઉપાડી અને..

'તમે ખૂબ સુંદર છો..તમારી આંખો ખૂબ સુંદર છે. તમારું વ્યક્તિત્વ એટલું સુંદર છે કે કોઈ કમી તેને સ્પર્શી શકશે નહી. આ દુનિયા ખૂબ સુંદર છે..માણવા લાયક છે અને જીવન અણમોલ છે. તેને ઉદાસીની ગર્તામાં ધકેલવાની ભૂલ ન કરશો.. જે ક્ષણો ઈશ્વરે આપી છે તેને સંપુર્ણપણે સ્વીકારો. તેનાંથી ભાગવાને બદલે સામનો કરો. તમારી આંખોમાં મારી આશકાની વિહ્વળતા મને દેખાય છે. મારી આશકા પરિસ્થિતિનો સ્વીકાર ન કરી શકી..અને મને છોડીને હમેશ માટેપપ.'

લખીને આલોકે વેઈટરને બોલાવ્યો. કાગળ આપીને કોને આપવાનો છે એ સમજાવ્યું. પછી તે દૂર ચાલ્યો ગયો. થોડીવાર પછી તેણે દૂરથી યુવતી તરફ નજર નાખી. યુવતીએ કાગળ વાંચ્યો..આસપાસ નજર ફેરવી.. બે પાંચ મિનિટ મૌન બેસી રહી. મનમાં કોઈ વિચારોપ.કોઈ ગડમથલ ચાલતી હતી કે શું ?

તેની ઉદાસ આંખોમાં એક ચમક ઊપસી આવી. તે ધીમેથી ઊભી થઈ.. તે ખૂણાની જગ્યા છોડીને વચ્ચે આવીને બેઠી. અહીંથી હવે તે બધાંને જોઈ શકતી હતી અને બધાં તેને જોઈ શકે તેમ હતાં. તેણે માથા પરથી સ્કાર્ફ કાઢી નાખ્યો. તેની આંખોમાંથી પેલી વિહ્વળતા અદશ્ય થઈ ગઈ હતી.

દૂરથી તેને જોઈ રહેલા આલોકની ઉદાસી અદશ્ય થઈ ગઈ. તે ધીમેથી વ્હિસલ વગાડતો હોટેલની બહાર નીકળી ગયો.

નીલમ કારિયા દોશી

## ભરતીની પરીક્ષામાં પતિપત્નીના જવાબ સરખા માર્ક આવે કે તેમાં નવાઈ શી???

''જાનું. બહાર જઈને જોઈ આવ તો દિવસ છે કે રાત?'' બેબી ર્ડાલિંગનો જાનુંને આદેશ.

'' હની! બેબી! બહાર શું જવાનું?''

'' કેમ? ડીયર?''પત્ની લાડ ઘેલા શબ્દોથી પ્રગલ્લભ પતિને પૂછે.

'' જો બહાર સૂરજ હશે તો દિવસ હશે'' પતિનો જવાબ.

''હમ્મ'' સ્વીટ પત્ની મલકાઈ.

''પણપ. પણ,પ.'' પતિ થોથવાયો!

''શું પણ ? '' પત્નીની ઉલટ તપાસ

પણ તું રાત કહીશ તો હું દિવસ કેવી રીતે કહી શકાશે!'' પતિનો ખુલાસો.

''હમમ્ .વેરી સ્માર્ટ હબી'' પત્ની હબી પર વારી ગઈ.

''ડિયર રાત કે દિવસ?''

''બેબી. એઝ પર યોર વિશીશ. જો તું રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ'' પતિનો ફાઈનલ જવાબ

''હાઉ સ્વિટ મુનું. આઈ લવ યુ''

''આઈ લવ યુ ટુ''

પતિ પત્ની વચ્ચે આવું બોન્ડીંગ હોય છે લગ્ન પછી આપણો ચણિયો અને આપણા લુંગી થઈ જાય છે. વ્યકિતગત માલિકીનો વિલય થઈ જાય છે. પતિને દાળઢોકળીનો ડખો ન ભાવે તો પણ પત્નીની પસંદગીને વધાવી લે છે. પત્નીને પુડલા દીઠે ડોળે પસંદ નથી .છતાં, પતિની પસંદને વધાવી લે છે!!આમ, પરસ્પરને પ્રેમ કરતાં વ્યકિતગત ગમા-અણગમા ઓગાળીને એકમેકમાં ઓતપ્રોત થાય છે!!

સરકારી નોકરીની ભરતી પસંદગી કરતી સંસ્થાઓ ગમે તેટલા પ્રયત્નો કરે પણ એના માથે છાણા થાપવામાં આવે છે. પરીક્ષાની જાહેરાત આપવા, અરજીઓ મેળવવા, અરજીઓની ચકાસણી કરવી, પરીક્ષા કેન્દ્રો મેળવવા બીજી કોઈ તારીખો અથડાય તેવી તારીખોએ પરીક્ષા યોજવી, પેપરો કાઢવા, પરીક્ષા યોજવાનો સ્ટાફ મેળવવો, પરીક્ષા પૂરી થાય એટલે જવાબવહીઓ મેળવવી, તેનું મૂલ્યાકન કરાવવું, મૂલ્યાંકનના આધારે પસંદગી યાદી બનાવવી, પસંદગી યાદી બનાવવાનાં અનામત, મેરીટોરિયસ રીઝર્વ કેટેગરીના ઉમેદવારને ઓપન કેટેગરીમાં ગોઠવવા, મહિલા અનામતનું ધ્યાન રાખવું રીઝર્વેશન વિધીન રીઝર્વેશન નિભાવવું, વેઈટીંગ લિસ્ટ બનાવવું.!

તમને એક પેરેગ્રાફ જેવું લાગે છે. વાસ્તવમાં આ પડકારજનક ભગીરથ કાર્ય છે.તલવારની ધાર પર ચાલવા દેવું વિલક્ષણ કામ છે. કોલસાની દલાલી જેવું કામ છે. રૂ અને પોટાશને અડોઅડ રાખવા જેવું કામ છે. આગ અને ઘી પાસે રાખો એટલે ભડકો થાય. દસમાંથી નવ પરીક્ષામાં સાંગોપાંગ ઉતરોને એકમાં લોચો થાય એટલે મુની બદનામ હુઈ ર્ડાલિંગ તેરે લીએ જેવો ઘાટ થાય!!

માનીએ કે દેશના વિકાસનો માપદંડ કે પેરામિટર પરીક્ષાના પેપરો લિક થવા કે ફૂટવાનો હોય તો કોઈ હરીફાઈ વિના આપણો નંબર આવે! અહીં લોકોને ટીકા કરવા સિવાય કોઈ હકારાત્મક કે રચનાત્મક કામ નથી.એક ભરતીની પરીક્ષાનું પરિણામ લઈ ખાંખાંખોળા કરે કે ફલાણી અટકવાના કે નાતવાળા છોકરા છોકરી કુલ પરિણામમાં ૪૩% છે.એક જ કુટુંબના તેર જણા સિલેકટ થયા છે! અરે તારી ભલી થાય ચમના !! તને એમાં શું પેટમાં દુખે છે? તારો ઓટીવાળ-ઉબેટ છોકરો સિલેકટ ન થયો તેમાં તેજપુરી મરચા લાગ્યા છે?? ગામની ચોવટ કરવાની જગ્યાએ ગગામાં ધ્યાન દીધું હોત તો આ નોબત આવી ન હોત!!

કોઈ ભરતી બોર્ડે પરીક્ષા લીધી. પેપર લિક ન થયા કે ફટાકડાની જેમ ફૂટ્યા નહીં. વાંકદેખાઓને શું વાંક કાઢી શકે? છેવટે એક દંપતી હડફેટે ચઢી ગયું. બંનેને ગએકસરખા માર્ક મળ્યા. બળ્યું જેવું જેનું નસીબ. બંનેના પરીક્ષા કેન્દ્રો અલગઅલગ શહેરોમાં ફાળવવામાં આવેલ હતા . બંનેની ઓએમઆરશીટ ચેક કરી. બંનેએ તમામ સવાલોના વિકલ્પ પણ સરખા ભરેલ હતા!! અઢાર વાંકા અંગવાળો ઉંટતમામ પ્રાણીના અંગ વાંકા એમ એક કવિતામાં કહે છે. જેમાં કવિ એમ કહે છે '' દાખે દલપતરામ અન્યના તો એક વાંકા આપના અઢાર છે!!હવે વાંકદેખા કહે છે કે આ બંને સામે તપાસ કરો કે આવી ગેરરીતિ કંઈ રીતે કરી?

અરે ભાઈ પતિ પત્નીની વાત ઉથાપી શકે? પરીક્ષાનું વાંચતી વખતે ભારતની રાજધાની ભોપાલ છે એમ પત્ની કહે કયો પતિ વિરોધ કરીને કહે કે ભારતની રાજધાની દિલ્હી છે??જયાં આવું હોય તો જવાબો સરખા ન આવે તો અલગ જવાબો આવવાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય??

ભરત વૈષ્ણવ

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું